# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫ / 654 તા.૨૧/૦૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

આ સાથે સામેલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નંબર:-જીસીઇઆરટી/**GSQAC**/૨૦૨૫/૧૯૩૪-૨૦૦૪ તા.૧૮/૦૧/૨૦૨૫ પત્ર અન્વયે સ્કૂલ એક્રેડિટેશન (વર્ષ ૨૦૨૪-૨૫) અંતર્ગત શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરીની મુદત લંબાવવા બાબતે તમામ શાળાઓએ અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન


નાયબ નિયામક
GSQAC

ક્રમાંક: જીસીઈઆરટી/GSQAC/2025/1934-2004
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન: (079) 23256808 - 39
ઇ-મેઇલ: gcert12@gmail.com
વેબસાઈટ: www.gcert.gujarat.gov.in


તારીખ: /01/2025

18 JAN 2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ

**વિષય: સ્કૂલ એક્રેડિટેશન (વર્ષ 2024 – 25) અંતર્ગત શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરીની મુદત લંબાવવા બાબત**

**સંદર્ભ: અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક/જીસીઈઆરટી/GSQAC/2024/30928-31050, તા.24/12/2024**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું સંદર્ભ દર્શિત પત્રથી વર્ષ 2024 – 25 માટે રાજ્યની શાળાઓમાં ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) પ્રક્રિયાના ચાર સોપાનો પૈકી પ્રથમ બે સોપાન: 1. સ્વ-મૂલ્યાંકન અને 2. વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરી માટે તા. 30/12/2024 થી તા. 18/01/205 સુધીનો સમયગાળો જાહેર કરવામાં આવેલ.

આ શૈક્ષણિક વર્ષમાં પ્રથમવાર ચાર સોપાનોમાં સ્કૂલ એક્રેડિટેશનની પ્રક્રિયા હાથ ધરાતી હોવાથી પ્રક્રિયાના આ નવા સ્વરૂપને કારણે રાજ્યની અમૂક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના પ્રથમ બે સોપાનની કામગીરી અગાઉ નિયત કરેલ સમયગાળામાં પૂર્ણ થઇ શકી નથી.

ઉપરોક્ત કારણોસર **સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના પ્રથમ બે સોપાન: 1. સ્વ-મૂલ્યાંકન અને 2. વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરીની મુદતમાં તા. 25/01/2025 સુધીનો વધારો કરવામાં આવે છે.**

સ્કૂલ એક્રેડિટેશન વર્ષ 2024 – 25 અંતર્ગત પ્રથમ બે સોપાનની કામગીરીની મુદતમાં થયેલ વધારા અંગે આપના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ તમામ શાળાઓને જાણ કરવા તથા શાળાઓ **આ બંને સોપાનોની કામગીરી તા. 25/01/2025 સુધીમાં બિનચૂક પૂર્ણ કરે તે માટે જરૂરી ફોલોઅપ લેવા વિનંતી છે.**

(ડૉ. એ. કે. મોઢપટેલ)
નાયબ નિયામક, GSQAC
GCERT, ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારુ:**

1. માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
2. માન. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
3. માન. નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી, VSK, ગાંધીનગર
4. માન. નિયામકશ્રી, GCERT, ગાંધીનગરના અંગત મદદનીશ

**નકલ રવાના જાણ સારુ:**

1. નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
2. નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર
3. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ

254